RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૫૦ તા.૧૦–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા
સામાવાળ :– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)

## ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા.૯–૧૨–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત–સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મજુરાના રે.સ.નં.૨,ટીપી.સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા),ફાયનલ પ્લોટ નં.૧૩૬ બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા રીવાઈઝડ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા. ૬–૩–૧૯૯૧થી બાંધકામ અંગેની જે પરવાનગી આપવામાં આવેલ છે તે બાબતે મુદ્દા નં.(૧) સદરહુ યોજનામાં મંજુર થયેલ ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટ(બિલ્ડીંગો) પૈકી આજ દિન સુધી બાંધકામ થઈ ગયેલા ગાળા ટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટના બિલ્ડીંગોની કુલ સંખ્યા બન્નેની અલગ અલગ લખી જણાવશો વિ.મુદ્દા નં.(૧)થી (૧૫)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૦–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૫૦/૨૦૧૧–૧૨

શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલાની તા.૯–૧૨–૧૧ની અરજીથી ડીસ્ટ્રીકટ સુરત–સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મજુરાના રે.સ.નં.૨,ટીપી.સ્કીમ નં.૬(મજુરા–ખટોદરા),ફાયનલ પ્લોટ નં.૧૩૬ બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા રીવાઈઝડ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા. ૦૬–૦૩–૧૯૯૧થી બાંધકામ અંગેની જે પરવાનગી આપવામાં આવેલ છે તે બાબતે મુદ્દા નં.(૧) સદરહુ યોજનામાં મંજુર થયેલ ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટ(બિલ્ડીંગો) પૈકી આજ દિન સુધી બાંધકામ થઈ ગયેલા ગાળા ટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટના બિલ્ડીંગોની કુલ સંખ્યા બન્નેની અલગ અલગ લખી જણાવશો વિ.મુદ્દા નં.(૧)થી (૧૫)ની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૨૭ તા.૧૯–૧–૧૨ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન) તથા અરજદારને અપીલ દરમ્યાન માહિતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ./૧૨૧૦ તા.૩૧–૧–૧૨ થી નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, તા.૭–૧–૧૨ ના રીપોર્ટની નકલ, અરજદારને પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) /આરટીઆઈ/આ.૧૧૨૨ તા.૭–૧–૧૨ થી સમય અવધિના છેલ્લા દિને દસ્તાવેજી ફી ભરવા પાઠવેલ પત્રની નકલ, એકનોલેજમેન્ટ ની નકલ, પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.૧૧૯૩ તા.૩૦–૧–૧૨ થી અરજદારને પાના નંગ–૯૧ ની માહિતી પુરી પાડયાના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદારના તા. ૩–૨–૧૨ નો પત્ર અત્રે મળેલ.

અરજદારની તા.૯–૧૨–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.૧૧૯૩ તા.૩૦–૧–૧૨ થી સમય અવધિબાદ અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં ડીસ્ટ્રીકટ સુરત– સબ ડીસ્ટ્રીકટ શહેર સુરતના મજુરાના રે.સ.નં.૨,ટીપી.સ્કીમ નં.૬ (મજુરા–ખટોદરા),ફાયનલ પ્લોટ નં.૧૩૬ બાબતે સુરત મહાનગરપાલિકા ધ્વારા રીવાઈઝડ પ્લાન મંજુર કરી રજાચિઠ્ઠી નં.૧૩૩૨ તા. ૬–૩–૧૯૯૧થી બાંધકામ અંગેની જે પરવાનગી આપવામાં આવેલ છે તે બાબતે મુદ્દા નં.(૧) સદરહુ યોજનામાં મંજુર થયેલ ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટ(બિલ્ડીંગો) પૈકી આજ દિન સુધી બાંધકામ થઈ ગયેલા ગાળા ટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટના બિલ્ડીંગોની કુલ સંખ્યા બન્નેની અલગ અલગ લખી જણાવશો. મુદ્દા નં.(૨) સદરહુ યોજનામાં મંજુર થયેલ ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટો (બીલ્ડંગો) પૈકી બાંધકામ થયા વિનાના ખુલ્લી જગ્યાના સ્વરૂપમાં આજદિન સુધી રહેલા ગાળાટાઈપ આવાસોના ખુલ્લા પ્લોટોની સંખ્યા તથા એપાર્ટમેન્ટોની બિલ્ડીંગો બાંધવાની બાકી હોય તો તેવા ખુલ્લા પ્લોટોની સંખ્યા લખી જણાવશો તથા આ તમામ ખુલ્લા પ્લોટોના મંજુર પ્લાન પ્રમાણેના પ્લોટ નંબરો લખી જણાવશો. મુદ્દા નં.(૩) સદરહુ યોજનામાં મંજુર થયેલ ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટો (બીલ્ડીંગો) પૈકી આજદિન સુધી જેનું બાંધકામ પુર્ણ થઈ ગયેલ હોય અને સુરત મહાનગરપાલિકા પાસેથી બી.યુ.સી. (બિલ્ડીંગ યુઝ પરમીશન) મેળવવામાં આવેલ હોય તેવા તમામ ગાળાટાઈપ આવાસો તથા ફલેટોના નંબરો કઈ તારીખે બી.યુ.સી. મેળવવામાં આવેલ છે.તે વિગતવાર લખી જણાવશો તથા તે બી.યુ.સી. પરમીશનો કઈ કઈ વ્યકિતઓ ધ્વારા મેળવવામાં આવેલ છે તે વિગતવાર લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં સદરહુ સોસાયટીના કોઈ પ્લોટમાં બી.યુ.સી. મેળવેલ હોવાનું નથી. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૪) સદરહુ યોજનામાં મંજુર થયેલ ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટો (બીલ્ડંગો) પૈકી આજદિન સુધી જેનું બાંધકામ પુર્ણ થઈ ગયેલ હોય અને સુરત મહાનગરપાલિકા પાસેથી બી.યુ.સી. મેળવવામાં ન આવેલ હોય તેવા તમામ

ગાળાટાઈપ આવાસો તથા એપાર્ટમેન્ટના બિલ્ડીંગો તથા ફલેટો વિગેરે તમામની અલગ અલગ કુલ સંખ્યા લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા અરજીમાં માંગ્યા મુજબની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ. પરંતુ બી.યુ.સી. મેળવવા અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૩ માં તે અંગે સદર સોસાયટીના કોઈ પ્લોટમાં બી.યુ.સી. મેળવેલ હોવાનું નથી. તેવી માહિતી પુરી પાડેલ છે.

મુદ્દા નં.(૫) સદરહુ યોજનામાં જે ગાળાટાઈપ મકાનો તથા એપાર્ટમેન્ટોના બિલ્ડીંગો તથા ફલેટોના બાંધકામો થઈ ગયેલા છે તે પૈકી રહેઠાણ સિવાયના અન્ય હેતુ માટેના ઉપયોગ વપરાશ થયો હોય તો સુરત મહાનગરપાલિકાના આકારણી ખાતાના દફતરે નોંધાયેલા અને ન નોંધાયેલી મિલકતોની કુલ સંખ્યા તથા તે તમામના મકાન નંબરો તથા ફલેટ નંબરો તથા દુકાન નંબરો તથા જો સુરત મહાનગરપાલિકાના આકારણી ખાતાના દફતરે નોંધાયેલા હોય તો તેના ટેનામેન્ટ નંબરો લખી જણાવશો.

મુદ્દા નં.(૬) સદરહુ યોજનાના રીવાઈઝડ પ્લાન રજાચીઠ્ઠી નંબર ૧૩૩૨ તા.૬–૩–૧૯૯૧ થી જે બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે. ત્યારબાદ આજદિન સુધી સદરહુ જમીન અથવા તેના કોઈ ભાગ ઉપર સુરત મહાનગરપાલિકા ધ્વારા કોઈ વધારાનો પ્લાન અથવા પાર્ટ પ્લાન (સી.ઓ.પી. (કોમન ઓપન પ્લોટ) જાહેર રોડ રસ્તાઓ, માર્જીનની જગ્યા, એપાર્ટમેન્ટ નો પ્લોટ, ગાળા ટાઈપ પ્લોટની જગ્યા વિગેરે જગ્યા ઉપર) પાસ કરી રહેઠાણ અથવા અન્ય કોઈ હેતુ માટે બાંધકામની પરમીશનો આપવામાં આવેલ છે કે કેમ? તે બાબતે સ્પષ્ટતા કરશો. તથા જો એવો કોઈ પ્લાન યા પાર્ટ પ્લાન મંજુર કરવામાં આવેલ હોય તો તેની મંજુરીની તારીખ તથા રજાચીઠ્ઠીની તારીખ તથા અનુક્રમ નંબર લખી જણાવશો. મુદ્દા નં.(૭) સદરહુ યોજનામાં મંજુર કરવામાં આવેલ એપાર્ટમેન્ટોના બિલ્ડીંગો પૈકી જે એપાર્ટમેન્ટોના બિલ્ડીંગોનું બાંધકામ થઈ ગયેલ છે તે એપાર્ટમેન્ટોની બિલ્ડીંગોનું જે તે બિલ્ડીંગોથી સુરત મહાનગરપાલિકાની મુખ્ય ડ્રેનેજ લાઈન સાથેનું ડ્રેનેજ જોડાણ મંજુર કરવામાં આવેલ પ્લાન મુજબ તથા સુરત મહાનગરપાલિકાના નીતી નિયમોને આધિન કરવામાં આવેલ છે કે કેમ? તે બાબતે વિગતવાર લખી જણાવશો. મુદ્દા નં.(૮) સદરહુ યોજનાના ગળાટાઈપ આવાસો પૈકી જે કોર્નરના આવાસો છે. જેને પ્લોટની લંબાઈ તરફે જે માર્જીનની જગ્યામાં રાખવામાં આવેલ છે. તે માર્જીનની જગ્યામાં માળ ઉપર જવા માટે દાદર બેસાડવામાં આવેલ હોય, ગ્રાઉન્ડ ફલોરનું છત (સ્લેબ) બહાર કાઢવામાં આવેલ હોય, માર્જીનની જગ્યામાં ફલોરીંગ કરેલ હોઈ, માર્જીનની બાઉન્ડ્રી ફરતે કમ્પાઉન્ડ વોલ બનાવેલ હોઈ તેવા મકાનોની સંખ્યા લખી જણાવશો તથા તે તમામ આવાસોના મંજુર થયેલ પ્લાન મુજબના પ્લોટ નંબરો તથા સુરત મહાનગરપાલિકાના આકારણીના દફતરે નોંધાયેલ પ્લોટ નંબરો તથા ટેનામેન્ટ નંબરો લખી જણાવશો. મુદ્દા નં.(૯) સદરહુ યોજનામાં ગાળા ટાઈપ આવાસો પૈકી ગ્રાઉન્ડ ફલોર ઉપરાંત પહેલો માળ જ બાંધકામ કરેલ હોઈ તેવા મકાનોની કુલ સંખ્યા લખી જણાવશો તથા તે તમામ આવાસોના મંજુર પ્લાન પ્રમાણેના પ્લોટ નંબર લખી જણાવશો તથા આ મકાનો પૈકી સુરત મહાનગરપાલિકા પાસે પહેલા માળના બાંધકામની મંજુરી લઈને કરવામાં આવેલ બાંધકામની સંખ્યા લખી જણાવશો તથા મંજુરી વગર કરવામાં આવેલ બાંધકામની સંખ્યા લખી જણાવશો. મુદ્દા નં. (૧૦) સદરહુ યોજનામાં ગાળાટાઈપ આવાસો પૈકી ગ્રાઉન્ડ ફલોર તથા પહેલો માળ ઉપરાંત વધુ માળના બાંધકામ કરેલ હોય તેવા મકાનોની કુલ સંખ્યા લખી જણાવશો. તથા આ તમામ આવાસોના મંજુર પ્લાન પ્રમાણેના પ્લોટ લખી જણાવશો. તથા આ મકાનો પૈકી સુરત મહાનગરપાલિકા પાસે ગ્રાઉન્ડ ફલોર સીવાય વધારાના માળ ના બાંધકામની પરમીશન લઈને કરેલ બાંધકામો વાળા આવાસોની સંખ્યા લખી જણાવશો તથા પરમીશન લીધા વગર કરેલ બાંધકામોવાળા આવાસોની સંખ્યા લખી જણાવશો. તેવા પ્રશ્ન નં.૬ થી ૧૦ તથા ૧૨ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં માહિતી ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.(૧૧)સદરહુ યોજનામાં ગાળા ટાઈપ આવાસો પૈકી પ્લોટ નં એ–૭ નંબરના પ્લોટ ઉપર ગ્રાઉન્ડ ફલોર ઉપરાંત ત્રણ માળનું બાંધકામ કરી એપાર્ટમેન્ટ બનાવવામાં આવેલ છે. જે એપાર્ટમેન્ટમાં બનાવવામાં આવેલ ફલેટોની સંખ્યા લખી જણાવશો તથા તેના માલિક તરીકે સુરત મહાનગરપાલિકાના આકારણી ખાતાના દફતરે કોનુ નામ દાખલ થયેલ છે તે લખી જણાવશો તથા કબજેદારો તરીકે અથવા ભાડુત તરીકે કોના કોના નામોદાખલ થયેલ છે. તે લખી જણાવશો. તથા સદરહુ બાંધકામની મંજુરી આપ તરફે આપવામાં આવેલ છે. આ ગેરકાયદેસર બાંધકામ થયેલ છે તે લખી જણાવશો તથા સદરહુ મિલકતના યોજના મંજુર થઈ તે દિવસથી આજ દિવસ સુધીના જે કોઈ માલીકો જો બદલાયેલા હોય તો તે વખતો વખત કેટલા કેટલા સમય દરમ્યાન માલીકો બનેલા છે તે લખી જણાવશો. મુદ્દા નં.(૧૨) સદરહુ યોજનામા જે એપાર્ટમેન્ટો મંજુર કરવામાં આવેલા છે તે પૈકી જે એપાર્ટમેન્ટોના બાંધકામ થઈ ગયેલા છે તેમાં મંજુર થયેલા પ્લાનમાં દર્શાવ્યા કરતા કેટલા માળોનું વધારાનું બાંધકામ કરી તથા વાહન પાર્કીંગની જગ્યા ઉપર પણ વધારાનું બાંધકામ કરી કેટલા ફલેટો,દુકાનો, ઓફીસો, ગોડાઉનો તથા અંદર ગ્રાઉન્ડ (રોડ રસ્તાના લેવલથી જમીનના અંદર ના ભાગે) ગોડાઉનો વિગેરે વધારાના બાંધકામો કરવામાં આવેલા છે તે બાબતે વિગતવાર લખી જણાવશો. મુદ્દા નં.(૧૩) સદરહુ યોજનામાં સી.ઓ.પી. (કોમન ઓપન પ્લોટ) જે ૧૭૩૨.૬૦ ચોરસ મીટર મંજુર કરવામાં આવેલ છે. જે જગ્યામાં યોજના મંજુર થયા બાદ આજદિન સુધી કોઈ વધારાના બાંધકામ કરવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી બાંધકામની પરવાનગી આપવામાં આવેલ છે કે કેમ? તથા સુરત મહાનગરપાલિકાના નીતી નિયમો પ્રમાણે આ કોમન પ્લોટની જગ્યાની માલીકી કોની ગણાય તે લખી જણાવશો. તથા આ પુરેપુરો કોમન પ્લોટ અથવા તેનો કોઈ ભાગ મુળ યોજના ધારક અને સુરત મહાનગરપાલિકામાં રીવાઈઝડ પ્લાન રજાચીઠ્ઠી નંબર ૧૩૩૨ તા.૬–૩–૧૯૯૧ થી યોજના મંજુર કરાવનાર પોતાની ખાનગી વ્યાપારી પેઢી ને રજીસ્ટર વેચાણ દસ્તાવેજ થી હર હંમેશને માટે વેચાણ કરવાનો હકક ધરાવે છે કે કેમ? તે બાબતે સુરત મહાનગરપાલિકાના નીતી નિયમો પ્રમાણે ખરેખર સાચી માહિતી લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતાં અરજીમાં જણાવ્યા મુજબની કોઈ પરવાનગી આપવામાં આવેલ હોવાનું જણાતુ નથી. મંજુર પ્લાનમાં દર્શાવ્યા મુજબનાં સી.ઓ.પી.ની માલિક જે તે સોસાયટીની ગણાય. રીવાઈઝડ પ્લાન મંજુર કરવામાં આવે તો તે મુજબ સી.ઓ.પી. સિવાયનો ભાગ જે તે માલિકનો ગણાય. તેવુ જણાવેલ.

મુદ્દા નં.(૧૪) સદરહુ યોજનામાં સી.ઓ.પી. (કોમન ઓપન પ્લોટ) જે ૧૭૩૨.૬૦ ચોરસ મીટર મંજુર કરવામાં આવેલ છે તે સંપુર્ણ પ્લોટ અથવા તેનો કોઈ ભાગ નહેરને લાગુ બી.આર.ટી એસ.ના પ્રોજેકટ સંદર્ભે રોડ રસ્તાના વિસ્તરણ બાબતે સુરત

મહાનગરપાલિકા ધ્વારા હસ્તગત કરવામાં આવેલ છે કે કેમ? તે લખી જણાવશો તથા કેટલા ચોરસ મીટર જગ્યા હસ્તગત કરેલ છે અથવા કરનાર છે તે લખી જણાવશો. તથા આ સી.ઓ.પી. અન્ય કોઈ જગ્યા ઉપર જો ટ્રાન્સફર કરવામાં આવેલ હોય તો તે વિગતવાર લખી જણાવશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અઠવાઝોન ખાતે ઉપલબ્ધ રેકર્ડ ચકાસતા અત્યાર સુધી સુરત મહાનગરપાલિકા ધ્વારા નહેરને લાગુ બી.આર.ટી.એસ. ના પ્રોજેકટ સંદર્ભે સી.ઓ.પી. હસ્તગત કરવામાં આવેલ નથી. અન્ય માહિતી અઠવાઝોન કક્ષાએ ઉપલબ્ધ નથી.

મુદ્દા નં.(૧૫) સદરહુ યોજનામાં થયેલ ગેરકાયદેસર બાંધકામો પૈકી અગાઉ ઈમ્પેકટ ફી નો કાયદો અમલમાં હતો તે રજુઆતો અરજીઓ કરી તે પૈકીની કેટલી અરજીઓ મંજુર કરીને કેટલી અરજીઓ નામંજુર કરી? અરજીઓ મંજુર અને નામંજુર કરવાના કારણો સહીત અરજીઓની તમામ વિગતોની પ્રમાણીત નકલો આપશો. તેમજ મંજુર થયેલ અરજીઓમાં ચુકવાયેલ ઈમ્પેકટ ફીની રસીદોની પ્રમાણીત નકલો આપશો. જાહેર માહિતી અધિકારી ધ્વારા મુદ્દા નં.૧,૨,૫,૧૧ તથા ૧૫ અન્વયે માંગ્યા મુજબની માહિતીની નકલ (પાના નંગ.૯૧) નાં નકલ દિઠ રૂા.૨/– લેખે કુલ રૂા.૧૮૨/– (શબ્દોમાં કુલ એક સો બિયાંસી રૂપિયા પુરા) અઠવા ઝોનની કચેરીનાં ઓફિસ સમય દરમ્યાન ભરપાઈ કર્યેથી માહિતીની નકલ મેળવી શકો છો. તેવુ જણાવેલ.

અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૦–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી માહિતી આપવામાં નિષ્ફળ નિવડેલ છે. તથા માહિતી લેખીતમાં પુરી પાડવા જણાવેલ. માહિતીની સમય મર્યાદા પુરી થઈ ગયેલ હોઈ સદર માહિતી વિના મુલ્યે પુરી પાડવા જણાવેલ.

અરજદારને અપીલ તબકકે અત્રેના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૫૨૭ તા.૧૯–૧–૧૨ થી અપીલ દરમ્યાન માહિતી મળે તો તેમનો પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તા.૧૯–૧–૧૨ ના પત્રથી અરજદારે અપીલ કર્યા બાદ જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૦–૧–૧૨ ના રોજ રજી.પોસ્ટ કરેલ પત્ર મળેલ જેમાં અંકે રૂા.૧૮૨/– જમાં કરાવ્યેથી માંગવામાં આવેલ માહિતી મેળવી શકશો. તે બાબતે ૧૨–૧–૧૨ ના રોજ લેખીતમાં અરજી આપેલ. જેમાં માંગવામાં આવેલ માહિતી વિના મુલ્યે આપવાની રજુઆત કરેલ. ત્યારબાદ તા.૩–૨–૧૨ નાપત્રથી પણ માહિતી વિના મુલ્યે પુરી પાડવા જણાવેલ. જેના અનુસંધાને અત્રેના પત્ર નં. આરટીઆઈ સેલ/૧૭૦૨ તા.૭–૨–૧૨ થી તા.૯–૧૨–૧૧ ની અરજી બાબતે તેમના ધ્વારા કરવામાં આવેલ અપીલ અરજી નં. **SMC/FAP/** નં.૫૫૦/૨૦૧૧–૧૨ પડતર હોય, જે પણ નારાજગી મળેલ માહિતી અંગે છે તે આધારસહ રજુ કરવા, મુદ્દાવાર સ્પષ્ટ કરવા જણાવવામાં આવેલ. જે અંગે અરજદારના તા.૨૮–૨–૧૨ ના પત્રથી તા.૩૦–૧–૧૨ ના રોજ જાહેર માહિતી અધિકારી તરફથી પાના નંગ–૯૧ થી માહિતી પુરી પાડેલ જે પૈકી પાના ૬૧ આકારણીને લગતા ટેકસ પેપર ડેટા તથા ૩૦ પાના ઈમ્પેકટ ફી ને લગતી છે. જે અંગે અસંતોષ હોવાનું તેમજ માંગવામાં આવેલ માહિતી પૈકી કેટલીક માહિતી આપેલ ન હોવાનું જણાવેલ. તેમજ મુદ્દા નં.૧ થી૧૨,૧૪,૧૫ માં પણ માહિતી પુરી પાડેલ નથી. તથા મુદ્દા નં.૧૩ માં આંશિક માહિતી પુરી પાડેલ. તેવી રજુઆત કરેલ.

જાહેર માહિતી અધિકારીને અત્રેના પત્રનં. આરટીઆઈ સેલ/૧૫૭૨ તા.૨૪–૧–૧૨થી અરજદારની તા.૯–૧૨–૧૧ ની અરજી સંદર્ભે અરજદારના તા.૧૯–૧–૧૨ ના પત્રમાં બીડેલ પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) આરટીઆઈ/આ.નં.૧૧–૨૨– તા.૭–૧–૧૨ બાબતે અપીલ સત્તાધિકારીને કરેલ રજુઆતની નકલ સામેલ કરેલ જે અંગે તેમનો પક્ષ રજુ કરવા જણાવેલ. જેના અનુસંધાને પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.૧૨૧૦ તા.૩૧–૧–૧૨ ના પુરક પત્રથી અરજીમાં જણાવેલ આપવા જોગ માહિતી શહેર વિકાસ વિભાગ,આકારણી અને વેરા વસુલાત વિભાગ, તથા ડ્રેનેજ વિભાગની માહિતી સંકલિત કરી અરજદારને મુદ્દા નં.૧ થી ૧૫ અંગેની માહિતી તથા માહિતીની નકલ (પાના નંગ–૯૧) નાં નકલ દિઠ રૂા.૨/– લેખે રૂા.૧૮૨ /– ભરી માહિતી મેળવવા જણાવેલ. જે માહિતીથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા અઠવાઝોનના પત્ર નં.સા.વે. (અઠવા)ઝોન/ આરટીઆઈ/ઈન. નં.૮૧૯ તા.૧૨–૧–૧૨ થી વિના મુલ્યે માહિતીની નકલ પુરી પાડવા જણાવેલ. જેના અનુસંધાને અરજદારને માંગ્યા મુજબની માહિતીની નકલ (પાના નંગ–૯૧) પત્ર નં.સા.વે.(અઠવા) ઝોન/આરટીઆઈ/આ.૧૧૮૩ તા.૩–૧–૧૨ થી અરજદારને રૂબરૂમાં માંગ્યા મુજબની માહિતી પુરી પાડવામાં આવેલ. તેવુ જણાવેલ.

જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭ થી ૧૦ તથા ૧૨ ની માહિતી ઉપલબ્ધ રેકર્ડ તપાસતા ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ. જે અંગે મુદ્દા નં.૭માં ડ્રેનેજ અને મુદ્દા નં.૮,૯,૧૦, અને ૧૨ ની આકારણી વિભાગના દફતરે માળ, ફલેટ અને પાર્કીગ જેવી વિગતો આકારણી દફતરે દાખલ હોય તે મુજબની માહિતી પુરી પાડવાની થાય.

અરજદારની પ્રથમ અપીલ તા.૧૦–૧–૧૨ ધ્યાને લેતાં તા.૦૮–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત તા. ૨૩–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

સરખા વિષય વસ્તુ બાબતે અગાઉ અરજદારની અપીલ નં.૪૦૫ અને ૪૧૧ થી અરજદારની તરફેણમાં માહિતી મેળવવા જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કરવા તેમજ મંજુર પ્લાનની દફતરી તપાસણી સહિતના અત્રેથી હુકમો કરવામાં આવેલ છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૯–૧૨–૧૧ ની અરજીના માંગવામાં આવેલ મુદ્દા નં.૧ થી ૧૫ પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭ થી ૧૦ તથા ૧૨ ની માહિતી ઉપલબ્ધ રેકર્ડ તપાસતા ઉપલબ્ધ નથી તેવુ જણાવેલ. જે અંગે મુદ્દા નં.૭માં ડ્રેનેજ અને મુદ્દા નં.૮,૯,૧૦, અને ૧૨ ની આકારણી વિભાગના દફતરે માળ, ફલેટ અને પાર્કીંગ જેવી વિગતો આકારણી દફતરે દાખલ હોઈ શકે તે અંગે ચકાસણી કરી નહીં પુરી પડાયેલ માહિતી દફતરી વિગતે આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અરજદારને અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે."

જયારે મુદ્દા નં.૧ અને ૨ ની નહીં પૂરી પાડેલ માહિતી તથા ૩ થી ૧૫ માટે અરજદારે અપીલ તબકકે વ્યકત કરેલ નારાજગી ધ્યાને લઈ આરટીઆઈ કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અરજદારને બાબત હેઠળની મિલ્કત સબંધમાં આકારણી, ડ્રેનેજ, પાણી અને શહેર વિકાસના દફતરની તપાસણી પૂરી પાડી તેમાંથી અરજદાર ઈચ્છે તે નકલનો ઉતારો કરવા દેવા અને થયેલ કાર્યવાહીની જાણ અત્રે કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી મહેશકુમાર સુરજરામ સાલવાલા